
# મહેનત, મૃત્યુ અને માંદગી....



દક્ષિણ અમેરીકાના અદિવાસીઓની આ એક દંતકથા છે ;

સુષ્ટિનું સર્જન કરી ભગવાને માણસજાતનું સર્જન કર્યું અને તેને સુષ્ટિ પર વસવાટ આપ્યો. તે વખતના માણસને આજની જેમ જીવવા માટે મહેનત કરવી પડતી નહોતી અને તેથી તેને રહેવા માટે ઘર બાંધવાની તથા પહેરવા-ઓઢવા માટેનું કપડું બનાવવા કપાસ ઉગાડવાની કે કાંતવા-વણવાની મહેનત કરવી પડતી નહોતી. એટલું જ નહીં, તેને ખાવાપીવા માટે અનાજની જરૂર પડતી નહોતી ! એટલે અનાજ ઉગાડવા માટે મહેનત કરવાનો પણ સવાલ નહોતો. બીજું, તેને મૃત્યુનો ડર નહોતો. કારણ, દરેક માણસ પૂરાં સો વરસ જીવતો અને સો વરસ પૂરાં થતાં મરી જતો. ત્રીજું, માણસને કોઈ પણ જાતની માંદગીનો ડર નહોતો. કારણ, માંદગી શું છે તે કોઈ જાણતું સુધ્ધાં નહોતું. ભગવાનને એમ હતું કે મહેનત, મૃત્યુ ને માંદગી એ ત્રણેથી મુક્ત એવો માણસ સૃષ્ટિ પર સુખી જીવન જીવી શકશે.

પણ તેની યોજના અને ધારણા ખોટી પડી. થોડાક વખત પછી જ્યારે ભગવાન સૃષ્ટિ પર વસાવેલી માણસજાત કેવાક સુખમાં દિવસો વિતાવે છે તે જોવા આવ્યા ત્યારે તેમણે જોયું કે માણસો ભેગા મળીને સંપથી સુખી જીવન જીવવાને બદલે અંદર અંદર ઝઘડા કરતા થઈ ગયા છે, સ્વાર્થી બની ગયા છે. પરિણામે ‘આ તે કંઈ જિંદગી છે’ એમ કહી જિંદગી તરફ કંટાળો બતાવે છે અને જિંદગીને શાપરૂપ માને છે.

‘આનું કારણ તેમને જે સગવડવાળું જીવન આપ્યું છે તે છે- તેને લીધે જ તેઓ સ્વાર્થી થઈ ગયા છે અને અંદર અંદર ઝઘડા કરતા થઈ ગયા છે,’ ભગવાને વિચાર્યું. અને આ પરિસ્થિતિ બદલવા માટે તેમણે એવી ગોઠવણ કરી કે મહેનત કર્યા વગર જીવવું અશક્ય થઈ જાય. તેની ગોઠવણ પ્રમાણે હવે માણસને ખાવાપીવા માટે અનાજની જરૂર પડવા લાગી ટાઢતાપથી નિર્ભય બની ફરનાર માણસને હવે ટાઢતાપ અસર કરવા લાગ્યાં. હવે માણસને ખાવાપીવા માટે ફળો ભેંગા કરવાની તથા અનાજ ઉગાડવાની જરૂર પડી. ટાઢતાપથી બચવા માટે તેને ઘર બાંધવાની તથા કપડાંની જરૂર પડી. આમ મહેનત કર્યા સિવાય જીવવું અશકય બની ગયું.

ભગવાનને એમ હતું કે, ‘મહેનત માણસોને ભેગાં રાખશે. ખાવા માટે ફળ ભેગાં કરવાનું કામ, વાવણી તથા લણણીનું કામ, ઘર બાંધવા માટે લાકડાં કાપવાનું, ઘડવાનું તથા ખસેડવાનું કામ માણસ એકલે હાથે થોડા જ કરી શકવાનો છે ? તેથી તેઓ પરસ્પર મદદ કરવાનું શીખશે ને એ રીતે ભેગા થઈ હળીમળીને આનંદથી રહેશે.’

તેની આ ધારણાય ખોટી પડી. થોડા સમય બાદ લોકો મહેનત કરી કેવાક આનંદથી રહે છે તે જોવા નીકળ્યા તો જોયું કે પરિસ્થિતિ પહેલાં કરતાં વધારે બગડી ગઈ છે. તેણે કરેલી ગોઠવણ પ્રમાણે મહેનત કરવા માટે એકબીજાના સહકાર વગર જીવવું અશક્ય હતું તે છતાં બધા માણસો ભેગા મળીને નહોતા રહેતા. તેઓ નાની નાની ટોળીઓમાં વહેંચાઈ ગયા હતા અને દરેક ટોળી બીજી ટોળીએ મહેનતથી તૈયાર કરેલો માલ પચાવી પાડવા પ્રયત્ન કરતી હતી. એટલું જ નહીં, પણ તેઓ એકબીજાના કમમાં આદખીઈ નાખવાનું પણ શીખી ગયા હતા અને પરિણામે ઊભી થતી તકરારોમાં દરેક ટોળી સમય અને શક્તિ વેડફી મારતી હતી.

પરિસ્થિતિ સુધારવા ભગવાને રસ્તો લીધો. અત્યાર સુધી દરેક માણસ પૂરાં સો વરસ જીવતો અને સો વરસ જે દિવસે પૂરાં થાય તે દિવસે જ તે મરશે એવી તેને ખાતરી હતી. હવે ભગવાને એવી ગોઠવણ કરી કે કોઈ પણ માણસ કોઈ પણ કાળે મરી જઈ શકે. આકાશવાણી મારફત તેની જાહેરાત પણ કરી દેવામાં આવી. ભગવાનને હતું, ‘ગમે તે પળે માણસ મરી જઈ શકે છે એ જાણ્યા પછી હવે તેઓ ક્ષણભંગુર જિંદગીનો લાભ મેળવવા માટે કીમતી સમય નહીં બગાડે અને પરિણામે સુખી થશે.’

પણ પરિણામ ધાર્યા કરતાં ઊલટું જ આવ્યું. સશક્ત અને બળિયા માણસો માથાભારે થઈ ગયા. તેમણે નબળાઓને મારી નાખવાની ધમકી આપી. તેમની પાસે પોતાનાં અને પોતાના કુટુંબનાં કામ કરાવવા માંડયાં. નબળાઓને ડરાવવા કેટલાક નબળા માણસોને મારી પણ નાખ્યાં ! બળિયના બે ભાગને ન્યાયે તેઓ પોતાનાં કામ નબળા માણસો પાસે કરાવી આરામ કરી કરી એદી

બનતા ગયા, જ્યારે બીજી તરફ એક એવો વર્ગ ઊભો થયો જે કામ કરી કરીને થાકથી મરવા વાંકે જીવતો રહ્યો. બંને વર્ગ એકબીજાની નિંદા કર્તા થઈ ગયા. આમ, માનવજીવન પહેલાં હતું તેના કરતાંય વધારે દુ:ખી બની ગયું.

આ દુ:ખદ પરિસ્થિતિ સુધારી માણસ-જાતને સુખી કરવા ભગવાને છેલ્લું શસ્ત્ર અજમાવ્યું તેમણે દરેક જાતના રોગ અને માંદગીનાં દ્વાર દુનિયા માટે ખોલી નાખ્યાં. ‘માંદગી કે રોગ તો ગમે તેવા બળિયાને કે સશક્તને પણ પોતાના ખપ્પરમાં લઈ લે. એટલે હવે બળિયાના બે ભાગ માનનાર બળિયાના બે ભાગ માનનાર બળિયા માણસો પણ નબળાને મદદ કરશે કારણ હવે દરેકને માંદગીનો કે રોગ લાગુ પડવાનો ભય રહેશે તેથી દરેક જણ માંદગીને સમયે એકબીજાને મદદ કરશે, કારણ માંદગી તો ગમે તેને આવે. માંદગીમાં બીજાની જરૂર બધાને પડે અને પોતે બીજાને મદદ ન કરી હોય તો પછી તેવાને કોણ મદદ કરે ?’ આવું વિચારી, માંદગીથી લોકો એક થઈ સંપીને રહેશે એમ વિચારી ભગવાન ચાલ્યા ગયા.

થોડા સમય બાદ ભગવાન, માનવજાતને એક અને સુખી કરવા માટે માંદગીના શસ્ત્રે કેવું કામ કર્યું છે તે જોવા આવ્યા.  ત્યારે તેમણે જોયું કે લોકોને એક કરશે એમ ધારીને અજમાવેલા માંદગીના શસ્ત્રે કેવું કામ કર્યું છે તે જોવા આવ્યા. ત્યારે તેમણે જોયું કે લોકોને એક કરશે એમ ધારીને અજમાવેલા માંદગીના શસ્ત્રે જ લોકોને પહેલાં કદી નહોતા તેટલા દુ:ખી કરી મૂકયા હતા. બીજા પાસે કામ કરાવી શકે તેવા બળિયા માણસોએ નબળા માણસોને માંદગી સમયે પોતાની ચાકરી કરવાની પણ ફરજ પાડી હતી અને જ્યારે નબળા માણસો માંદા પડતા ત્યારે તેમને મદદ કરવાની તેમણે પરવા સુધ્ધાં કરી નહીં. નબળાઓ બળિયાનીએ સારવાર કરી એવા થાકીને કંટાળી જવા લાગ્યા કે પોતાની તબિયતની કાળજી લઈ શક્યા નહીં. પોતાના આનંદ પ્રમોદમાં દખલ કે ખલેલ ન થાય તેટલા માટે એવા નબળા અને માંદાઓ માટે બળિયાઓએ તેમનાં ઘરોથી દૂર, જ્યાં ભાગ્યે જ કોઈ તેમને આશ્વાસનના બે શબ્દ કહેવા જાય, ત્યાં જુદા મકાન બનાવ્યાં. ત્યાં નબળા દરદીઓ સડયા કે મર્ય કરે તેની કોઈને પરવા ન હેતી. ત્યાં પગારદાર માણસો કોઈ પણજાતની ભાવના વગર અને કદાચ ધૃણા રાખીને તેમની ચાકરી કરતા. વધુમાં કેટલાક રોગોને ચેપી રોગ ઠરાવી તેવા રોગ થનારને જ નહીં, પણ તેની સેવાચાકરી કરનારને પણ તેઓએ પોતાનાથી દૂરના સ્થળે રાખ્યા.

આમ મહેનત, મૃત્યુ અને માંદગી – એમ ત્રણે શસ્ત્રો ભગવાને માણસોને સુખી અને સંપીલા બનાવવા માટે વાપર્યા પણ તેનાથી માણસો સુખીને બદલે દુ:ખી જ થતા ગયા ‘હું આમને સંપીલા તથા એક જોવા, સુખી કરવા, આટાઅટલું કરું છું છતાંય જો તેઓ તેમનું હિત શેમાં છે તે સમજી

શકતા નથી તો પછી તેઓ જીવે છે તેવું જ જીવન તેમને જીવવા દો દુ:ખી થવા દો' આમ વિચારી માણસોને સુખી થવાનું તેમની જાત પર છોડી દઈ ભગવાન ચાલ્યા ગયા.

આમ, માણસને તેની જાત પર છોડી દીધા પછી, માણસે સુખી થવું જોઈએ અને જો બધા સંપીને એક થઈ રહે તો તેઓ સુખી થઈ શકે એ સમજતાં માણસને ઘણી વાર લાગી. છેલ્લાં કેટલાંક વરસોથી જ તેમનામાંના થોડા સાચી વાત સમજયા છે :

જેણે જીવવું હોય તેણે મહેનત કરવી જ જોઈએ. મહેનતથી ડરવું ન જોઈએ અને મહેનત એ સમાજના એક ભાગ માટેની વેઠ ન થઈ જવી જોઈએ. મહેનત બધાને એક કરનારી વસ્તુ છે.

મૃત્યુની તલવાર દરેકને માથે લટકે છે. તેથી દરેક માણસે તેને ભાગે આવતાં જિંદગીનાં વરસો, મહિના, દિવસે કે કલાક અને મિનિટેમિનિટનો ઉપયોગ માણસજાતની એકતા માટે, માનવપ્રેમ માટે કરવો જોઈએ.

માંદગી માણસને એકબીજાથી જુદા પાડનાર નહીં પણ એકબીજાને ભેગા કરનારી

એક માણસને બીજા માણસની સેવા કરવાની તક આપનારી અને એ રીતે તેમને જોડનારી વસ્તુ મનાવી જોઈએ.

લિયો ટૉલ્સ્ટૉય (તૃષ્ણા)